પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેન્ડ પાસે ઝાડનું વિશાળ ડાળુ પડ્યું

વાવાઝોડું કે વરસાદ વગર ઝાડનો એક મોટો ભાગ ધરાશાયી થતાં બે દુકાન કેબીન પકોડીની લારી વિજપોલ જીવંત વાયરો સહિતનું નુકશાન

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ

પાંખરીયા બસ સ્ટેશન પાસે આવેલ સુભાષચંદ્ર બોઝની પ્રતિમા સામે ઘણા વર્ષોથી મોટુ વિશાળ પીપળીનું ઘટાદાર વૃક્ષનો એક ભાગ રાત્રીના સમયે ધરાશાયી થતાં મોટી જાનહાની ટળી હતી.

પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેન્ડ પાસે આવેલ વિસ્તારમાં પીપરીનું ઝાડનું ડાળુ અડધોઅડધ ભાગ રાત્રીના ૧૨ વાગ્યાની આસપાસ પડતાં મોટી જાનહાની થતી ટળી હતી. જ્યારે જો રાત્રીના બદલે દિવસે ધરાશાયી થયું હોત તો દિવસ દરમ્યાન અહીં રોજીંદા હજારો લોકો અવર જવર કરે છે અને ઝાડની બાજુમાં તથા પાસે દુકાનો ગલ્લાઓ આવેલા છે જેને લીધે સવારથી જ ટ્રાફિક વધારે રહે છે. જો દિવસ દરમ્યાન આ વિશાળ ઝાડનું ડાળુ ધરાશાય થયું હોત તો માલમિલ્કત સહિત મોટુ નુકશાન થયું હોત. હાલ તો બે કેબીન એક લારી તથા વિજપોલ તથા જીવંત વિજવાયરો નીચે પડી ગયા હતા. જ્યારે વિજલાઈટ પણ તાત્કાલિક બંધ કરવામાં આવી હતી. ત્યારે વગર વરસાદ વગર વાવાઝોડા આ ઝાડનું વિશાળ ડાળુ પડતાં હાલ તો લોકોમાં કુતૂહલ જોવા મળ્યું હતું.

(તસવીર - સંજય રાવલ, પ્રાંતિજ)

ઉનાવા મીરાંદાતાર દરગાહ પાસે દબાણો પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યુ

ઊંઝા, તા. ૧૮

ઊંઝા નજીકના ઉનાવા ગામે મીરાંદાતારની દરગાહથી બસ સ્ટેન્ડ સુધી હાઈવેની આસપાસ થયેલ દબાણો દૂર કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં માર્ગ મકાન વિભાગ સહિત સંબંધિત તંત્રોના અધિકારીઓએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે જે.સી.બી. મશીન વડે કાચા પાકા દબાણો તોડી પાડયા હતા તેમજ કેબિનોને હટાવી દીધા હતા.

યાત્રા સ્થળ ઉનાવા ગામે ગામઠાણની હદમાં તેમજ હાઈવેની બંને બાજુએ છેલ્લા ઘણા વખતથી બેરોકટોક ગેરકાયદે દબાણો, બાંધકામ ધમ ધમી રહ્યા છે. ઉનાવા ગ્રામપંચાયતના દબાણો રજીસ્ટરમાં જૂના સર્વે મુજબના દબાણો રેકર્ડ પર છે. જયારે છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન હાઈવેની આસપાસ, દરગાહ વિસ્તાર તેમજ ગામના અન્ય વિસ્તારોમાં થયેલ ગેરકાયદે દબાણ બાંધકામ અંગે નવેસરથી કોઈ જ સર્વે કરવામાં આવેલ નથી.

બાયડ તાલુકામાં કડવા પાટીદારો અને આંજણા પાટીદારો નજીવી બાબતે સામ સામે આવી જતાં વાતાવરણ તંગ બન્યું

તાલુકા પંચાયતના ભાજપાના પ્રમુખ સહીત ૧૨ સામે ધાડનો ગુનો નોંધાયો : બન્ને પક્ષો દ્વારા સામસામે ફરીયાદ અપાઈ : રડોદરા અને રેલ કંપા પોલીસ છાવણીમાં ફેરવાયું

બાયડ, તા. ૧૮

આજથી દોઢેક મહીના પહેલા રડોદરા ગામના યુવક દ્વારા રેલ કંપાની યુવતીને ભગાડી જઈ પ્રમ લગ્ન કરી લીધા હતા. જે અંગે છેલ્લા દોઢ મહીનાથી છોકરા અને છોકરીના પરીવારોમાં અંદરો અંદર સંઘર્ષ થતા હતા. પરંતુ ગત રાત્રીએ આ ઘટનાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ. જેમાં ગત સાંજે રડોદરા ગામના ભુપેન્દ્રભાઈ પોતાના ખેતરમાં મજુરને પ્લેજર પર બેસાડી ગયા હતા તે સમયે બાયજ તાલુકા પંચાયત ભાજપના પ્રમુખ મનહરભાઈ પટેલ અને અન્ય ૧૨ જણાએ ભુપેન્દ્રભાઈ પર એકબીજાની મદદગારીથી મંડળી બનાવી અને ભુપેન્દ્રભાઈ પર અમારા ગામની છોકરીને તમારા ગામનો છોકરો ભગાડી ગયો છે તે બાબતનો રોષ રાખીને આ એક યુવાન પર તુટી પડ્યા હતા અને ગડદાપાટુનો માર મારી સોનાની ચેન, વીંટી, મોબાઈલ અને રોકડ રૂપીયા સહીત ૩૯ હજારની લૂંટ ચલાવી હતી. જે અંગેના સમાચાર રેલ કંપામાં અને રડોદરા ગામમાં વાયુવેગે ફેલાતા કડવા પાટીદારો અને આંજણા પાટીદારોના બન્ને ગામોમાં ટોળેટોળા

ઉમટી પડ્યા હતા. ત્યારે વાતાવરણ તંગ બની ગયું હતું. ત્યારે બાયડ પી.એસ.આઈ. રાઠોડે બન્ને ગામોમાં પોલીસના ધાડેધાડા ઉતારી દીધા હતા. બન્ને ગામોને પોલીસ છાવણીમાં ફેરવી દીધા હતા. અને કોઈપણ જાતની અનિચ્છનીય ઘટના ના બને તે અંગે તકેદારી રાખી હતી. જ્યારે સામા પક્ષે રાજેશભાઈ પટેલની ફરીયાદના આધારે બાયડ પોલીસે રડોદરાના અરવીંદભાઈ પટેલ વીરૂદ્ધ પણ હોકી વડે હૂમલો કરવાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે સમગ્ર ઘટનામાં બાયડ તાલુકા પંચાયતના પ્રમુખ મનહરભાઈ પટેલ પણ હૂમલાખોરોમાં અને ધાડ પાડવામાં નામ આવતા રાજકીય વાતાવરણમાં ગરમાવો આવી ગયો હતો. ત્યારે હાલ તો ભારેલા અગ્ની જેવી સ્થિતિ બનેલી છે ત્યારે આગામી સમયમાં આ અંગે મોટી ઘટના ઘટે તો નવાઈ નહી.

સમા પંચમના પ્રસંગે મોટી સંખ્યામાં મહિલાઓ રિવરફ્રન્ટ ખાતે ઉમટી હતી.

તરણેતરના મેળામાં વિદેશી મહેમાનો ઉમટ્યા

અમદાવાદ, તા. ૧૮

સુરેન્દ્રનગરના થાન નજીક તરણેતર ગામમાં ત્રિનેતેશ્વર મહાદેવના સાંનિધ્યમાં યોજાયેલા જગપ્રસિધ્ધ લોકમેળાની મોજ માણવા અતિથિ બની આવેલા વિદેશી પ્રવાસીઓ માનવ મહેરામણ અને ગુજરાતની લોકસંસ્કૃતિ જોઈ અચંબિત થઈ ગયા હતા. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આ વિદેશી મહેમાનો સાથે મુલાકાત કરી સંવાદ સાધ્યો હતો. તરણેતરનાં લોકમેળાની ભાતીગળ સંસ્કૃત્તિ અને સૌરાષ્ટ્રની પરંપરા - પ્રથાઓ વિશે ઉદ્દભવતી સહજ જીજ્ઞાસાઓની તૃપ્તી માટે અભ્યાસુ બની આવેલા વિદેશી મહેમાનોએ પશુ પ્રદર્શન ગ્રામિણ ઓલમ્પિકસ નિહાળી હતી.

કંપની સમાચાર

સેમસંગ દ્વારા ગેલેક્સી જે-૨ની રજૂઆત

આ ડિવાઈસ ફોર-જીને સુલભ અને સુસંગત બનાવે છે

સેમસંગ ઈન્ડિયા ઈલેક્ટ્રોનિક્સ દ્વારા આજે સેમસંગ ગેલેક્સી જે-ટુની રજૂઆતની જાહેરાત કરવામાં આવી છે. ગેલેક્સ-જે પરિવારમાં આ નવું આગમન થયું છે. ગેલેક્સ જે-૨ના આગમન સાથે સેમસંગે તેનો ફોર-જી એલટીઈ સ્માર્ટ ફોનનો પોર્ટફોલિયો મજબૂત કરીને ગ્રાહકોને સુપરફાસ્ટ ઈન્ટરનેટ કનેક્ટીવિટી અને ઝડપી ડાઉનલોડની સુવિધા પુરી પાડી છે.

ફોર-જી એનેબલ્ડ સ્માર્ટ ફોન હોવા ઉપરાંત ગેલેક્સી જે-૨એ ભારતના ગ્રાહકોની જરૂરિયાતો પૂરી કરવા માટેની ટેલર મેઈડ આવૃત્તિ છે. સમૃદ્ધ અને ઈમર્સિવ ડીસ્પ્લે, કરકસરયુક્ત ઈન્ટરનેટનો અનુભવ અને બહેતર પર્ફોર્મન્સ દ્વારા ગ્રાહકોની મહત્વની ત્રણ જરૂરિયાતો પૂરી કરાઈ છે. સેમસંગે આ રીતે ગેલેક્સી જે-ટુમાં વિવિધ પ્રકારના પ્રિમિયમ ફીચર્સ રજૂ કર્યા છે, જેમાં ક્યુએચડી સુપર એમોલ્ડ સ્ક્રીન, પાવરફૂલ ૧.૩ જીએચઝેડ ક્વાડ કોર પ્રોસેસર ફોર-જી સ્માર્ટ ફોનનો અદ્વિતિય અનુભવ પૂરો પાડે છે.

આ બધાં પ્રિમિયમ ફીચર્સ ઉપરાંત સેમસંગે અલ્ટ્રા ડેટા સેવિંગ મોડના ઈનોવેશન દ્વારા ભારતલક્ષી ઈનોવેશન રજૂ કર્યું છે, જે ૫૦ ટકા ડેટાની અને ટુ એક્સ સુધી બેટરી સ્ટેન્ડ બાય ટાઈમની બચત કરીને સેમસંગ ગેલેક્સી જે-ટુને માર્કેટની અત્યંત કરકસરયુક્ત ડિવાઈસ બનાવે છે.

સેમસંગ ઈન્ડીયાના મોબાઈલ બિઝનેસ, ડિરેક્ટર, શ્રી મનુ શર્મા જણાવે છે કે ''સેમસંગ ખાતે અમે અમારા ગ્રાહકોને તેમના પ્રાઈસ સેગમેન્ટમાં ઈનોવેટીવ તથા તેના વર્ગમાં શ્રેષ્ઠ ટેકનોલોજી પૂરી પાડીને સશક્તિકરણ માટે કટિબદ્ધ છીએ. સેમસંગ ગેલેકીસ જે-૨એ અમારો એન્ટ્રી લેવલનો સ્માર્ટફોર્મ છે.

ઓડી રજૂ કરે છે ન્યુ ઓડી A6 35 TFSI

જર્મન લકઝરી કાર ઉત્પાદક કંપની ઓડીએ ભારતીય બજારમાં ન્યુ ઓડી A6 35 TFSI ની રજુઆત કરી છે. આ કારની કિંમત રૂ. ૪૫,૯૦,૦૦૦ (એક્સ શૉ રૂમ - નવી દિલ્હી અને મુંબઈ) છે. આ કાર બળતણ અસરકારકતામાં નવું સિમાચિન્હ પ્રસ્થાપિત કરશે. તેમાં એનર્જી રિકવરી સાથેની ઓટો એન્જિન સ્ટાર્ટ/સ્ટોપ સિસ્ટમ છે.

ઓડી ઈન્ડિયાના અધ્યક્ષ શ્રી જો કિંગના જણાવ્યા અનુસાર ન્યુ ઓડી A6 35 TFSI એક્ઝિક્યુટીવ સેદાન સેગમેન્ટમાં સફળ રહી છે. તેમાં **1.8L** ટર્બોચાર્જડ એન્જિન છે, જે તેનાં બદલાયેલા એન્જિન કરતાં ૨૦૦ સીસી નાનું છે. તેનાથી પાવર અને બળતરણ અસરકારકતાનું સંયોજન એક સાથે જોવા મળે છે. નવા 1.8L એન્જિનને કારણે ઓડી A6 35 TFSI ની બળતર અસરકારકતા ૧૨.૭ ટકા અને પાવરમાં પાંચ ટકાનો વધારો જોવા મળશે. આ કારમાં એલઈડી હેડલાઈટ્સ રિયર લાઈટ્સ અને ડાયનેમિક ટર્ન ઈન્ડીકેટર્સ, ફરીવાર ડિઝાઈન થયેલી બમ્પર્સ અને ઓડી સિંગલકેં ગ્રીલ તેનાં વિશેષ આકર્ષણો છે.

ન્યુ ઓડી A635 TFSI નાં ઈન્ટિરીયરમાં પણ પરિવર્તન કરવામાં આવ્યું છે. તેમાં સીટ અપહોલેસ્ટ્રીને મિલાનો લેધર અને ફાઈન ગ્રેઈ એશ નેચરલ બ્રાઉન ઈનલોઝમાં રજૂ કરવામાં આવ્યું છે. તેમાં ઈલેક્ટ્રીકલી એડજસ્ટેબલ ફ્રન્ટ સીટ્સ તેમજ ડ્રાયવર મેમરી ફંકશન અને ફોર ઝોન ડિલક્ષ ઓટોમેટિક એર કન્ડીશ્નીંગ સિસ્ટમ છે.

ફોર્સ મોટર્સે એરકંડિશન્ડ ટ્રેક્સ ડિલક્સ રેન્જ રજૂ કરી

ભારતની અગ્રણી લાઈટ કમર્શિયલ વેહિકલ ઉત્પાદક કંપની ફોર્સ મોટર્સે તેની લોકપ્રિય ટ્રેક્સ પીપલ કેરિયરનું અમદાવાદના બોડકદેવ ખાતે આવેલી એવલોન હોટેલ એન્ડ બેન્કવેટ્સ ખાતે આજે ડિલક્સ વર્ઝન લોન્ચ કર્યું હતું. ટ્રેક્સ ડીલક્સની લોન્ચ વિધિ અતિથિ વિશેષ શ્રી હર્ષવર્ધન મોદી (RTO ઓફિસર અમદાવાદ)ના વરદહસ્તે થઈ હતી. અને આ પ્રસંગે ખાસ મહેમાન તરીકે શ્રી વિનોદ ગુલાટી (ડીજીએમ એમયુવી સેલ્સ) ફોર્સ મોટર્સ લિ. ઉપસ્થિત રહ્યાં હતા. ધ ટ્રેક્સ તૂફાન એન્ડ ક્રૂઝ ડીલક્સ બાલુભાઈ મોટર્સ પ્રા.લિ. સરખેજ, અમદાવાદ ખાતે ઉપલબ્ધ બનશે. બાલુભાઈ મોટર્સ પ્રા.લિ. છેલ્લા ૧૭ વર્ષથી ફોર્સ મોટર્સ સાથે સંકળાયેલી છે અને તે આધુનિક શોરૂમ અને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ વર્કશોપ ધરાવે છે.

ટ્રેક્સ એ ગ્રામીણ ભારતમાં સૌથી લોકપ્રિય અને પસંદગીનું યાત્રી પરિવહનનું વાહન છે. તે મોટા શહેરોને નાના અને ઓછી રોડ કનેક્ટિવિટી ધરાવતાં ગામડાં અને તાલુકાને સાંકળવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે. એરકંડિશન્ડ ટ્રેક્સ તૂફાન એન્ડ ક્રૂઝર ડીલક્સ મર્સિડીઝ **OM616** ડીરાઈવ્ડ, **2.6** લિટર, **81** એચપી ટર્બો ચાર્જડ એન્જિન, **230 Nm@1800-2000rpm** થી સજ્જ છે. એરકંડિશન્ડ ટ્રેક્સ તૂફાન એન્ડ ક્રૂસર ડીલક્સ ભારત જેવા ઉષ્ણકટિબંધિય દેશમાં મુસાફરોની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે સૌથી શ્રેષ્ઠ પસંદગી છે જે તેમને અત્યંત તીવ્ર ગરમી અને ભેજથી રાહત પુરી પાડે છે.

સેવા કેન્દ્ર જ દેખાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાયમી દબાણો દુર કરવામાં તદન નિષ્ફળ નિવડેલા વન વિભાગ દ્વારા સેકટર -૭ માં પદયાત્રીઓની સેવા માટે ઉભા કરાયેલા ટેન્ટને દુર કરી દબાણો દુર કરવાની બહુ મોટી કામગીરી કરી લીધી હોવાનો સંતોષ માની લીધો હતો. ગત જુલાઈ મહીના દરમિયાન તોફાની વરસાદમાં જમીનદોસ્ત થયેલા વૃક્ષોને બેઠા કરવાનુ કામ હજુ સુધી પુર્ણ થઈ શકયુ નથી ત્યારે વન વિભાગની મંદ કામગીરી સામે આમ પણ નગરજનોમાં આક્રોશ પ્રવર્તયો છે.ત્યારે દબાણો દુર કરવામાં પણ સદાય નિરસ રહેતા વન તંત્રની આ હરકતથી નગરના માંઈભક્તોમાં પણ આક્રોશ પ્રવર્તયો છે. કાયમી દબાણોના મામલે પણ વન વિભાગ દ્વારા હપ્તા વસુલી કરવામાં આવતી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. શહેરના વૃક્ષોનુ પણ સમયસર ટ્રીમીંગ ન થતા ઘણાં સમયથી નાગરીકોએ હેરાનગતિ વેઠવાનો વારો આવ્યો હતો. ત્યારે દબાણો દુર કરવાના મામલે વન તંત્ર દ્વારા બેવડી નીતી અપનાવી પારદર્શકતા જાળવવામાં ન આવતી હોવાનો આક્રોશ સેવાઈ રહયો છે.

રાષ્ટ્રીય એવોર્ડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રવાસન પ્રચાર પ્રસાર સામગ્રી તરીકે 'ગુજરાત' ૫૦ ગોલ્ડન ડેસ્ટીનેશન્સ' કોફી ટેબલ બુકને તથા ફિલ્મ પ્રમોશન માટે મિત્રતાપૂર્ણ રાજ્યના ચાર પ્રતિષ્ઠિત એવોર્ડ ગુજરાતને ફાળે ગયા છે જે ખુબ ગૌરવની વાત છે.

શિયાળાની ઋતુમાં કચ્છના રણક્ષેત્રમાં ઉજવાતા રણોત્સવની ખ્યાતિ દિનપ્રતિદિન વધતી જાય છે. ૨૦૦૫થી શરૂ થયેલા રણોત્સવ- ૨૦૧૪-૧૫ના વર્ષમાં ૧.૯૧ લાખ જેટલા દેશ-વિદેશના પ્રવાસીઓએ મુલાકાત લીધી છે. ગ્રામિણ પ્રવાસનના વિકાસ ક્ષેત્રે રણોત્સવની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લેવાઈ છે.

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ગુજરાતના ૫૦ જેટલા શ્રેષ્ઠ પ્રવાસન સ્થળોની સચિત્ર માહિતી દર્શાવતુ દળદાર કોફીટેબલ પુસ્તક 'ગુજરાત' ૫૦ ગોલ્ડન ડેસ્ટીનેશન્સ'ને પ્રચાર પ્રસારની શ્રેષ્ઠ સામગ્રી તરીકે પસંદ કરાયું છે. ગુજરાતની ઐતિહાસિક ધરોહર સમાન ઈમારતો, કુદરતી સ્થળો, ધાર્મિક આસ્થા કેન્દ્રે, દરિયા કિનારાના આકર્ષક સ્થળો તથા ગુજરાતની હસ્તકળાના શ્રેષ્ઠત્તમ ચિત્રો સાથેની આ કોફી ટેબલ બુક પ્રવાસીઓ માટે અનોખુ નજરાણું છે. આ ઉપરાંત પ્રવાસનક્ષેત્રના સર્વગ્રાહી વિકાસ માટે રાજ્ય સરકારે લીધેલા પગલાંની નોંધ પણ રાષ્ટ્રીય કક્ષાએ લેવાઈ છે. ફિલ્મ, ટીવી અને ડોક્યુમેન્ટરીના શુટીંગ માટે ગુજરાત આવતા નિર્માતા-નિર્દેશકોને શ્રેષ્ઠ સુવિધાઓ આપવામાં પણ ગુજરાતનું પ્રદર્શન શ્રેષ્ઠ રહ્યું છે.

લાઈન લાગશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વોટસએપ ગ્રુપમાં મેસેજ કરીને પોતાની થાપણ બેંકોમાંથી ઉપાડી લેવા આહવાન કરવામાં આવ્યું છે. શનિવારે સવારે બેંક ખુલતાની સાથે જ પાટીદાર બેંક ખાતેદારો પોતાના ખાતામાંથી નાણા ઉપાડવા લાગશે. જિલ્લાની તમામ રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી એક સાથે પાટીદારો નાણા ઉપાડે તેવી શકયતા છે. એક જ દિવસમાં કરોડો રૂપિયા ઉપાડી લેવાય તેવી સંભાવના છે. જેને પગલે વિવિધ બેંકોએ પણ અન્ય ખાતેદારોને હાલાકી ન પડે તેની તકેદારી માટેનું આયોજન કરી દીધું હોવાનું જાણવા મળ્યું છે. ગાંધીનગર એસપીજી દ્વારા હજુ પણ આશ્ચર્યજનક કાર્યક્રમો આપવાની સરકારને ચેતાવણી આપવામાં આવી છે.

બહાલી મુલત્વી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાવ્યુ છે. આ તો હદ કહેવાય અને આપણે એને બહાલી આપવાની જે કંઈ સમજમાં આવતુ નથી.

ભાજપના શ્રી આશિષ દવેએ ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યુ હતુ કે સરકારની મંજૂરીમાં વિલંબ થયો છે તે વાત કરાય એ વ્યાજબી નથી. ભૂલ વહીવટીતંત્રની છે તેણે આ બધી પ્રક્રિયા સમયસર કરવી જોઈએ.

સરકારે ક્યાંય મંજૂરીની પ્રક્રિયા અટકાવી હોય તેવું ફલિત થતુ નથી. તેમણે કહ્યું કે દરેક મનપાના પોતાના નિયમો પોતે જ બનાવે છે અને સરકાર તેને બહાલી આપે છે. આમાં રાજકીય રંગ આપવાનો જે પ્રયાસ થાય છે તે નિંદનીય છે.

સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલે જણાવ્યું કે નિયમો મનપા જ બનાવે છે પણ સરકારે નિયત કરેલા કાયદાની મર્યાદામાં રહીને એ વાત ભૂલશો નહિ. સરકારમાં કેટલો સમય આ નિયમો પડતર રહ્યા તેની વાત કરો. અમે સ્ટેન્ડીંગ કમિટીમાં હતા ત્યારે તેને બહાલી આપી સામાન્ય સભામાં મંજૂર કરી વાંધા-સૂચનો મંગાવ્યા પછી આમે જ કરી સરકારમાં રજુ થયા હતા. પરંતુ સરકારે જ મંજૂરી આપી નથી અને હવે ઉતાવળ કરવામાં આવે છે.

શ્રી પટેલના સૂરમાં કોંગીના પૂર્વ નેતા શ્રી ચીમન વિંઝુડા અને જીતુ રાયકાએ પણ સૂર પૂરાવતાં કહ્યું કે આપણે ચર્ચાનો અવકાશ હોવાનું જણાવી આજે મુલ્તવી રાખીએ છીએ પછી આગલી બેઠકમાં બહાલ કરીશુ. પુનઃ સરકાર તેમાં વાંધા કાઢી સમય પસાર કરશે અને નવી બોડી આવી તેને બહાલી આપશે. પાંચ વર્ષ આપણે આમ જ પુરા કરીશુ.

ભાજપના શ્રી સુરેશ મહેતાએ ભરતી બોર્ડની રચના કરવાની માંગ કરી ઝડપી ભરતી પ્રક્રિયા નિષ્પક્ષ રીતે થાય તે જોવા કહ્યું હતું.

તો પ્રજાનું શું ?...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રૂ. ૨૧ લાખથી વધુનું બિલ મોકલ્યું છે. આ માટે છેલ્લા ત્રણ વર્ષથી હું રજુઆત કરૂ છું કોઈ સાંભળતુ જ નથી.

તેમણે બીજો ધડાકો એવો કર્યો કે આ મારા પ્લોટની બાજુમાં જ સિદ્ધિ વિનાયક પ્લોટ જે મારો નથી પણ મારા નામે આ પ્લોટ દર્શાવી રૂ. ૩૭ લાખથી વધુ બાકી વસલાતનું બિલ મોકલ્યું છે.

આ બન્ને બાબતોને લઈ અમે રજુઆતો ડે. મ્યુનિ. કમિશનર સુધી એકવાર નહિ ત્રણ-ત્રણ વાર કરી પણ તંત્રને કોઈ જ અસર નથી. કાઉન્સીલરની રજુઆત ન સંભળાતી હોય તો પ્રજાની રજુઆત ક્યારેય નહિ સંભળાતી હોય એ સ્પષ્ટ થાય છે...

આ મુદ્દે ભાજપના શ્રી સુરેશ મહેતા, શ્રી દેવેન્દ્રસિંહ ચાવડાએ પણ તાકીદે કાર્યવાહી કરવાની માંગ કરી વસુલાતના સંવેદનશીલ મુદ્દે આઉટ સોર્સિંગથી કામ નહિ ચલાવવા અને સરકાર નિયુક્ત અધિકારીને જ કામગીરી સોંપી અસરકારક તંત્રના મોનીટરીંગની વાત કરી હતી.

અખાડો બન્યું છે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્કલ ડેવલપમેન્ટ માટે કોઈપણ મંજૂરી વિના રૂ. ૫૬ લાખનો ખર્ચ કર્યો? તેમણે સે. ૧૬માં રંગમંચના રિનોવેશન પાછળ રૂ. ૮૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો તે પણ અયોગ્ય હોવાનું જણાવી આ બધા મુદ્દામાં તપાસ કરવામાં આવે અને તે પણ સર્વપક્ષીય સમિતિ દ્વારા થાય તેવી માંગ કરી હતી. કોંગ્રેસના શ્રી હર્ષજીત પંડ્યાએ ૧૧ મહિનાના કરાર આધારિત કર્મચારીઓને કાયમી કરવાની ફાઈલો જે રીતે ફરતી થઈ છે તેમાં ભ્રષ્ટાચારની ગંધ આવતી હોવાની વાત કરી બળતામાં ઘી હોમ્યુ હતુ.

કોંગ્રેસના શ્રી અશ્વિન વ્યાસે સફાઈ કામદારોની ભરતીમાં પણ ગોટાળા થયાની અને ભ્રષ્ટાચારની બદબુ આવતી હોવાનું કહી જ્યોતિકરની માંગણીને સમર્થન કરી સર્વપક્ષીય તપાસ સમિતિની રચના કરવા જણાવ્યું હતું.

કોંગીના શ્રી જીતુ રાયકાએ પણ વહીવટીતંત્રની મનમાની સામે લાલ આંખ કરવાનો સમય આવી ગયો હોવાનું કહી જે રીતે ભ્રષ્ટાચાર વકરી રહ્યો છે તેની તપાસ થવી જ જોઈએ તેવી માંગ કરી હતી. મહાનગરપાલિકાની સામાન્ય સભામાં આજે કોંગ્રેસ અને ભાજપના સભ્યો આક્રમક મૂડમાં દેખાતા હતા. ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ લગભગ સામસામે હોવાનું સ્પષ્ટ દેખાઈ આવતુ હતુ.

કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા

જાહેર નિવિદા નં. ૧૩/૨૦૧૫-૨૦૧૬નો સુધારો-૬

કામ નં. ૨ થી ૬ અને ૮

સંદેશ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલ ઉક્ત નિવિદામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે.

ઓનલાઈન અપલોડ કરવાની તારીખ	૨૩-૯-૨૦૧૫
ઈજારદારશ્રીઓએ ઓનલાઈન ડાઉનલોડ કરવાની તારીખ	૩૦-૯-૨૦૧૫
બાનાની રકમ ટેન્ડર ફી, બેંક સોલવંશી તથા અન્ય દસ્તાવેજ રજૂ કરવાની તારીખ	૧-૧૦-૨૦૧૫થી ૭-૧૦-૨૦૧૫
ટેકનીકલ બીડ/પ્રાઈસ બીડ ખોલવાનીતારીખ	૧-૧૦-૨૦૧૫

વિગતવાર નિવિદા www.statetenders.com પર જોવા મળશે. તેમજ ઓનલાઈન ટેન્ડરો www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. અન્ય વિગતો મુળ નિવિદા મુજબ યથાવત રહેશે. જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

કાર્યપાલક ઈજનેર
સા.કાં. પંચાયત મા.મ. વિભાગ
હિંમતનગર

કમાંક ના.મા.નિ./હિંમત/૩૩૩/૨૦૧૫

અષાઢી મેઘ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આગામી ૫ દિવસ સુધી જારી રહે તેવી શક્યતા છે. ગુજરાતના કેટલાક ભાગો સૌરાષ્ટ્ર, કચ્છ, દિવ-દમણ, દાદરનગર હવેલીમાં અતિભારે વરસાદ થઈ શકે છે. મધ્યમથી ભારે વરસાદનો દોર આવતીકાલથી શરૂ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. લો-પ્રેશર અને ડિપ ડિપ્રેશનની સ્થિતિ હાલમાં જોવા મળી રહી છે. જેની સીધી અસર આગામી ૪-૫ દિવસ સુધી રહે તેમ માનવામાં આવે છે. પશ્ચિમ વિદર્ભ અને છત્તીસગઢ બોર્ડર ઉપરની ડિપ્રેશન સિસ્ટમ્સ ૧૯ (શનિવાર) સુધીમાં મધ્ય ગુજરાત અને લાગૂ વિસ્તારો ઉપર ફેલાશે. ૨૦ (રવિવાર)ના સૌરાષ્ટ્ર અને લાગુ કચ્છ તથા ગુજરાતના વિસ્તારો ઉપર ફેલાશે ત્યારબાદ આ સિસ્ટમ્સ ઉત્તર બાજુ રાજસ્થાન તરફ જાય તેવું અનુમાન છે.

ધોધમાર વરસાદ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

નગરજનો ઉનાળા જેવી ગરમી અનુભવી રહયા હતા.વળતા ચોમાસે નગરજનો કાગડોળે વરસાદની વાટ જોઈ રહયા હતા. ત્યારે આજે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. સવારથી જ વાતાવરણમાં અસહ્ય બફારો અનુભવતા નગરજનો આકાશ તરફ મીટ માંડીને મેઘરાજાની વાટ નિહાળતા હતા. જયારે બપોરના સમયે અચાનક જ આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા અને વરસાદ વરસ્યો હતો.વરસાદી ઝાપટાના લીધે સેકટરોમાં ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાઈ ગયા હતા. મોડી સાંજે ધોધમાર વરસાદ વરસ્યો હતો.જયારે વરસાદી વાયરાથી સાર્વત્રિક ઠંડક અને ભીની માટીની સુગંધ પ્રસરતા નગરજનો પણ ગેલમાં આવી ગયા હતા.

મોડી સાંજે પણ મેઘરાજા મુડમાં આવતા ધોધમાર વરસાદ વરસ્યો હતો.જયારે લાંબા સમયથી રિસાયેલા મેઘરાજાના આગમનથી ખેડુતોમાં પણ હર્ષની લાગણી વ્યાપી હતી.વરસાદી વાતાવરણથી નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ. જયારે શહેરમાં ગણેશોત્સવની ઉજવણીના આયોજકો પણ ચિંતામાં મુકાઈ ગયા હતા. મોડી સાંજે પણ ગાજવીજ સાથે વરસાદનું ઝાપટુ પડ્યુ હતુ. ડીપ ડીપ્રેશનના લીધે ગુજરાતમાં અતિ ભારે વરસાદની ચેતવણી હવામાન વિભાગે આપી છે.આગામી ત્રણ ચાર દિવસ પણ વરસાદની ડીપ્રેશનની અસર વર્તાય તેમ પણ વિભાગ દ્વારા જણાંવાયુ છે.

ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી.
ગાંધીનગર

ટુંકી જાહેર નિવિદા

ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી., ગાંધીનગર કચેરીની રોજબરોડની કામગીરીમાં વપરાતી સ્ટેશનરી અને ચીજવસ્તુઓની અંદાજે વાર્ષિક રૂપિયા પાંચ લાખની ખરીદીના હેતુ માટે ભાવો નક્કી કરવાના થતા હોઈ વેચાણ કરતી સ્થાનીક એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ભાવો મંગાવવાના થાય છે. નિયત કરેલ કોરા ભાવપત્રક જાહેરાત પ્રસિદ્ધ થયેથી કચેરીમાંથી તા. ૭/૧૦/૨૦૧૫ સુધીમાં રોકડા રૂ. ૫૦૦/-ની ફી ભરીને મેળવી સીલબંધ કવરમાં તા. ૧૪/૧૦/૨૦૧૫ના રોજ ૧૮-૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીને પહોંચાડવાના રહેશે. સદરહુ ભાવપત્રક અને અન્ય વિગતો કચેરીના નોટીસબોર્ડ અને વેબસાઈટ્ .ઋઙ્ઘ્ઠ.ઠ્ઠ.ઠ પર જોવા મળશે. તેમજ વધુ વિગતો માટે આ કચેરીનો સંપર્ક સાધવાનો રહેશે.

મેનેજીંગ ડીરેક્ટર
જી.એલ.પી.સી., ગાંધીનગર

માહિતી/૧૫૨૪/૨૦૧૫-૧૬